॥ માતૃભાષા દિવસ ॥ મળી માતૃભાષા મને ગુજરાતી

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૩૯ | ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૨, સોમવાર; મહા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# પંજાબમાં ૬૩.૪૪ અને યુપીમાં ૫૭.૨૫ ટકા મતદાન

## પંજાબમાં ૧૧૭ અને ઉત્તર પ્રદેશમાં ત્રીજા તબક્કામાં ૧૬ જિલ્લાની ૫૯ વિધાનસભા બેઠકો પર મતદાન પૂર્ણ

નવી દિલ્હી, તા.૨૦

પંજાબ વિધાનસભાની તમામ ૧૧૭ અને ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં રાજ્યના ૧૬ જિલ્લાની ૫૯ વિધાનસભા સીટો પર મતદાન પૂર્ણ થઈ ગયું છે. સાંજે ૭ કલાકે આ બંને રાજ્યમાં મતદાન પૂર્ણ થઈ ગયું છે. સત્તાવાર આંકડા પ્રમાણે પંજાબમાં સાંજે પાંચ કલાક સુધી ૬૩.૪૪ ટકા મતદાન થયું છે. તો ઉત્તર પ્રદેશમાં સાંજે ૫ કલાક સુધી ૫૭.૨૫ ટકા મતદાન થયું છે. અત્યાર સુધી સૌથી વધુ મતદાન યુપીના લલિતપુરમાં થયું, જ્યાં ૬૭.૩૭ ટકા લોકોએ મતદાન કર્યું છે. ઘણી જગ્યાએ મતદાનની ગતિ ધીમી જોવા મળી હતી. તો બપોર બાદ ઘણા લોકો મત આપવા પહોંચ્યા હતા. બંને રાજ્યોમાં છેલ્લે કેટલા ટકા મતદાન નોંધાયુ તેના સત્તાવાર આંકડા ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવશે. પંજાબ અને ઉત્તર પ્રદેશમાં બપોરે ત્રણ કલાક સુધી ૪૯.૩૧ ટકા મતદાન થયું હતું. ભારતીય ચૂંટણી પંચે આ જાણકારી




આપી હતી. ચૂંટણી પંચના આંકડા અનુસાર ઉત્તર પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં બપોરે ૩ વાગ્યા સુધી ૪૮.૮૧ ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે પંજાબમાં રવિવારે બપોરે ૩ વાગ્યા સુધી ૪૯.૮૧ ટકા મતદાન નોંધાયું હતું. આ પછી, મોટાભાગના સ્થળોએ મતદાનની ઝડપ વધી અને પછીના બે કલાકમાં આ આંકડો ઘણો પહોંચી ગયો. તમામ સ્થળોએ સાંજે ૬ વાગ્યા સુધી મતદાનની પ્રક્રિયા ચાલી હતી. પંજાબ વિધાનસભાની ૧૧૭ સીટો પર કુલ ૧૩૦૪ ઉમેદવારોના ભાગ્યનો નિર્ણય થશે, જેમાં ૯૩ મહિલા ઉમેદવારો પણ સામેલ છે. પંજાબમાં આ વખતે કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, અકાલી દળ-બસપા ગઠબંધન, ભાજપ-પીએલપી-શિઅદ (સંયુક્ત) અને વિવિધ કિસાન સંગઠનોની રાજનીતિક પાર્ટી સંયુક્ત સમાજ મોર્ચા વચ્ચે બહુકોણીય મુકાબલો છે. આ ચૂંટણીમાં મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્ની, આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રીના ઉમેદવાર ભગવંત માન, કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નવજોત સિંહ સિદ્ધુ, પૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહ અને પ્રકાશ સિંહ બાદલ, શિરોમણિ અકાલી દળના અધ્યક્ષ સુખબીર સિંહ બાદલ સહિત મુખ્ય ચહેરા મેદાનમાં છે.

## કાકા ચાલ્યા ગયા તો બાબા પણ ચાલ્યા જશે : અખિલેશ

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે આજે રવિવારે અયોધ્યામાં ભાજપ પર હુમલો કર્યો છે. તેમણે કહ્યું કે, ભાજપના નેતા હવે એબીસીડી



શીખી રહ્યાં છે, હું તેમને કહેવા ઈચ્છું છું, જો કાકા જતા રહ્યા તો બાબા પણ જતા રહેશે. (જો કાળા કૃષિ કાયદા પરત લેવામાં આવ્યા તો યોગી જી પણ ચાલ્યા જશે).. તેમણે ઘણા નામ બદલી નાખ્યા, હવે તેમને બાબા બુલડોઝર નામ આપવામાં આવ્યું છે. અખિલેશ યાદવે ભાજપ પર નિશાન સાધતા કહ્યુ કે, આ સરકાર (ભાજપ સરકાર) બચાવવાની ચૂંટણી છે. બંધારણ બચાવવાની આ ચૂંટણી છે. આ ન માત્ર ઉત્તર પ્રદેશ પરંતુ દેશને સંદેશ આપવાનું કામ કરશે.

આ પહેલાં અખિલેશ યાદવે ઉન્નાવમાં કહ્યુ હતુ કે લખીમપુરમાં કિસાનો પર ગાડી ચઢાવનારને ત્યાં બાબાજીની સરકાર બુલડોઝર ચલાવશે કે નહીં. તેમણે ત્રીજા તબક્કામાં ઈટાવાના સૈફઈમાં મતદાન કર્યા બાદ ઉન્નાવ અને અયોધ્યામાં જનસભાને સંબોધિત કરી હતી. અખિલેશ યાદવે ભાજપ અને સીએમ યોગી આદિત્યનાથ પર હુમલો કરતા લોકોને અપીલ કરી કે આ ચૂંટણી બંધારણ બચાવવાની છે.

## યૂપીમાં મતદાન વચ્ચે હાથરસમાં બીજેપી નેતાનું ગોળી વાગવાથી મોત

ઉત્તર પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં વોટિંગ દરમિયાન હાથરસમાં ભાજપના નેતાની ગોળી વાગવાથી મોતનો મામલો સામે આવ્યો છે. હાથરસ જિલ્લાની સિકંદરારાઉ વિધાનસભામાં ભાજપા નેતા જિલ્લા મહામંત્રી કૃષ્ણા યાદવનું ગોળી વાગવાથી મોત થયું છે. યુવા ભાજપા નેતાને ગોળી વાગવાની ઘટનાથી વિસ્તારમાં હડકંપ મચી ગયો છે. ભાજપા નેતાને કોઈ ગોળી મારી છે કે આત્મહત્યા કરી છે તે રહસ્ય ઉકેલવામાં પોલીસ લાગી ગઈ છે. હાથરસના સિકંદરારાઉમાં ભાજપા નેતા કૃષ્ણા યાદવ પોતાના ઘરે બીજા માળે ગોળી વાગવાથી ઈજાગ્રસ્ત થયો હતો. તેને સારવાર માટે લઈ જવાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. જાણકારી પ્રમાણે સિંકદરારાઉના ગૌસગંજ નિવાસી ભાજપા નેતા કૃષ્ણા યાદવ રવિવારે પોતાના ઘરે હતા ત્યારે તેને માથામાં ગોળી વાગી હતી. ગોળી કેવી રીતે વાગી તે વિશે હજુ કોઈ જાણકારી મળી નથી.

આ ઘટનાની જાણકારી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થાનીક લોકો અને ભાજપા કાર્યકર્તાઓની તેમના ઘરે ભીડ થઈ ગઈ હતી. ભાજપા નેતાઓમાં શોકનો માહોલ છે. યુવા મોરચાના કાર્યકર્તાઓએ પોતાના ફેસબુક પર પોસ્ટ કરીને કૃષ્ણા યાદવના મોતની જાણકારી આપી હતી અને તેને શ્રદ્ધાંજલિ આપી હતી.

## પંજાબના મુખ્યમંત્રી ચન્ની પર ભડક્યા કેપ્ટન અમરિંદર

પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે તેમના દ્વારા રાજ્યમાં કરવામાં આવેલા વિકાસ કાર્યોનો શ્રેય નવા મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીને આપવા માટે કોંગ્રેસ પાર્ટીની ટિકા કરી છે.



કેપ્ટન અમરિંદર સિંહે ન્યૂઝ એજન્સીને જણાવ્યું કે ચન્ની કોઈ જાદુગર નથી જેવી રીતે તે બનવાનો ખોટો પ્રયત્ન કરી રહ્યો છે. તે ત્રણ મહિનાની અંદર પોતાના દ્વારા કરેલા જે ચમત્કારોની વાત કરી રહ્યા છે. તે પંજાબના મુખ્યમંત્રી રહેતા મારી સખત મહેનતનું પરિણામ છે. મારા વિચારથી ચરણજીત સિંહ ચન્ની અને નવજોત સિદ્ધુ બન્ને નકામા છે.

## યોગી સરકારમાં વિચાર ઈમાનદાર છે, કામ દમદાર છે અને કામ અસરદાર છે : મોદી

**નરેન્દ્ર મોદીએ હરદોઈમાં કહ્યુ - મને ખ્યાલ છે કે આ વખતે હરદોઈ અને યુપીના લોકોએ બે વખત રંગોની હોળી ઉજવવાની તૈયારી કરી લીધી છે**

હરદોઈ, તા.૨૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશના હરદોઈમાં એક જનસભાને સંબોધિત કરવા પહોંચ્યા હતા. પીએમ મોદીએ કહ્યુ કે લગભગ ૩૦૦ વખત ઉત્તરપ્રદેશને કોઈને કોઈ જિલ્લામાં કર્ફ્યૂ લાગ્યું. પરંતુ મુખ્યમંત્રી યોગીના રાજમાં એકપણ તોફાન થયું નહીં. તફાવત સ્પષ્ટ છે. વિચાર ઈમાનદાર છે, કામ દમદાર છે અને કામ અસરદાર છે.

પીએમ મોદીએ કહ્યુ કે, તમારો આ ઉત્સાહ, આ જોશ અમારા માટે મોટો આશીર્વાદ છે. હરદોઈની પુણ્ય ભૂમિથી હોળી જેવા પવિત્ર તહેવારનો જોડાવ આપણે બધા જાણીએ છીએ. મને ખ્યાલ છે કે આ વખતે હરદોઈ અને યુપીના લોકોએ ૨ વખત રંગોની હોળી રમવાની તૈયારી કરી લીધી છે. પ્રથમ હોળી ૧૦ માર્ચે ભાજપની મહા જીત બાદ માવવામાં આવશે. પરંતુ જો ૧૦ માર્ચે ધૂમધામથી હોળી મનાવવી છે તો તેની તૈયારી તમામ પોલિંગ બૂથ પર જઈને કરવી પડશે, ઘર-ઘર જવું પડશે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે, આજે ત્રીજા તબક્કામાં પણ એક થઈને કમળના નિશાન પર ભારે



મતદાન થઈ રહ્યું છે. આજે યુપીની સાથે-સાથે પંજાબમાં પણ મતદાન થઈ રહ્યું છે, ત્યાંના લોકો પણ પંજાબના વિકાસ, પંજાબની સુરક્ષા અને દેશની અખંડતા માટે મોટી સંખ્યામાં મતદાન કરી રહ્યાં છે, ભાજપનું સમર્થન કરી રહ્યાં છે.

પીએમ મોદીએ કહ્યુ કે યુપીના આગામી તબક્કાની જવાબદારી પણ તમે લોકોએ લીધી છે. જે તુષ્ટિકરણની રાજનીતિમાં આપણા તહેવારોને રોરતા હતા, તેને યુપીની જનતાનો જવાબ ૧૦ માર્ચે મળી જશે. હરદોઈના લોકોએ તે દિવસ જોયા છે, જ્યારે આ લોકોએ કટ્ટા અને સટ્ટાવાળાને ખુલી છુટ આપી હતી.

તેમણે કહ્યું કે, પાંચ વર્ષ પહેલાં માફિયાવાદે યુપીની શું સ્થિતિ બનાવી દીધી હતી? વેપારીઓને વેપાર કરવામાં ડર લાગતો હતો. ખંડણી, લૂંટ તો સામાન્ય વાત થઈ ગઈ હતી. લોકો કહેતા હતા, દિયા બરે, ઘર લૌટ આઓ. ખરાબ રીતે ચૂંટણી હારી રહેલા આ ઘોર-પરિવારવાદી હવે જાત-પાતના નામ પર ઝેર ફેલાવશે. પરંતુ તમારે માત્ર એક વાત યાદ રાખવાની છે- યૂપીનો વિકાસ, દેશનો વિકાસ.

## દેશમાં કોરોનાના નવા ૧૯,૯૬૮ કેસ

નવી દિલ્હી, તા.૨૦

ભારતમાં કોરોનાની ત્રીજી લહેર હવે ધીમી પડી રહી છે અને કોરોનાના દૈનિક કેસમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારતમાં કોરોનાની ત્રીજી લહેરનો પ્રકોપ ઘટી રહ્યો છે. દેશમાં સતત ૧૪મા દિવસે કોરોનાના દૈનિક કેસ એક લાખથી નીચે રહ્યા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૯,૯૬૮ કેસ અને ૬૭૩ સંક્રમિતોના મોત થયા છે. એક્ટિવ કેસ ઘટીને ૨,૨૪,૧૮૭ થયા છે.

એક્ટિવ કેસની સંખ્યા જોઈએ તો ૨૨૪૧૮૭ છે. જ્યારે કુલ રિકવરીનો આંકડો ૪૨૦૮૬૩૮૩ જોવા મળ્યો હતો. કુલ મૃત્યુઆંક ૫૧૧૯૦૩ ઉપર પહોંચી ગયો છે.

## રાજસ્થાનમાં કાર પુલ પરથી નદીમાં ખાબકતા ૯ના મોત

કોટા, તા.૨૦

રાજસ્થાન રાજ્યના કોટા શહેરમાં રવિવારે સવારે દુઃખદ ઘટના બની છે. રાજ્યના સવાઈ માધોપુર બરવાડા વિસ્તારથી મધ્યપ્રદેશના ઉજ્જૈન લગ્નમાં જઈ રહેતી જાનની એક કાર અકસ્માતનો ભોગ બની હતી. લોકોથી ભરેલી અર્ટિગા કાર કોટા શહેરની વચ્ચેથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન કાર કાબૂ બહાર નીકળી ગઈ અને ચંબલ નદી પર નયાપુરા સ્થિત રજવાડા (લગભગ ૧૦૦ વર્ષ જૂના) પુલ પરથી નદીમાં પડી ગઈ. આ ઘટના શનિવારે મોડી રાત્રે બની હોવાનું કહેવાય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોડી રાત્રે બનેલી આ ઘટનાની કોઈને જાણ સુદ્ધાં નહોતી. પરંતુ રાત્રે કોઈએ કારને નદીમાં પડતી જોઈ. જે બાદ પોલીસને મળી હતી. માહિતી બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી તેમજ કોટા મ્યુનિસિપલ કોર્પોરેશનની રેસ્ક્યુ ટીમને ઘટનાસ્થળે બોલાવવામાં આવી હતી.

કોટા મ્યુનિસિપલ કોર્પોરેશનની રેસ્ક્યુ ટીમે ઘટનાસ્થળે પહોંચીને કારની શોધખોળ શરૂ કરી હતી, પરંતુ દુઃખની વાત એ છે કે આ ઘટનામાં ૯ લોકોએ જીવ ગુમાવ્યો હતો. ત્યારે રેસ્ક્યુ ટીમે નદીમાં ડૂબી ગયેલી કારમાંથી ૯ મૃતદેહોને બહાર કાઢ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર કોટા મ્યુનિસિપલ કોર્પોરેશનની રેસ્ક્યુ ટીમ વિષ્ણુ શૃંગીના નેતૃત્વમાં તમામ મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા છે. આ મામલામાં કોટાના પોલીસ અધિક્ષક કેસર સિંહે માહિતી આપી છે કે કારમાંથી ૯ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. મૃતકોની ઓળખ થઈ ગઈ છે. કારમાં સવાર વરરાજા અને તેના ભાઈ કેશવનું પણ મોત થયું છે.


DOT Net Programmer
Interface Software Inc
98250 82967
Sector-30, Gandhinagar







## ભારતીય વિદ્યાર્થીઓ હવે જલદીથી જલદી છોડે યુક્રેન

નવી દિલ્હી, તા.૨૦

યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે ભારતે પોતાના વિદ્યાર્થીઓ માટે એડવાઈઝરી જાહેર કરી તેને દેશ છોડવાનું કહ્યું છે. ભારતે રવિવારે યુક્રેનમાં રહેતા પોતાના વિદ્યાર્થીઓ-નાગરિકોને આ ક્ષેત્રમાં ઉભી થયેલી સ્થિતિના સંબંધમાં અને અનિશ્ચિતતાને જોતા સંકટગ્રસ્ત યુક્રેનને અસ્થાયી રૂપથી છોડવાનું કહ્યું છે.

યુક્રેનમાં ભારતીય દૂતાવાસે ટ્વિટર પર લખ્યુ- 'તમાં ભારતીય નાગરિક જેનું રોકાવુ જરૂરી નથી અને બધા ભારતીય વિદ્યાર્થીઓને અસ્થાયી રૂપથી યુક્રેન છોડવાની સલાહ આપવામાં આવે છે. એક વ્યવસ્થિત અને સમય પર ઉડાન બરવા માટે ઉપલબ્ધ કોમર્શિયલ ઉડાનો અને ચાર્ટર ઉડાનોનો ઉપયોગ યાત્રા માટે કરી શકાય છે.'

ભારતીય દૂતાવાસે કહ્યું કે, વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવે છે કે તે ચાર્ટર્ડ ફ્લાઈટના પોતાના કોન્ટ્રેક્ટર સાથે સતત સંપર્કમાં રહે. સાથે દૂતાવાસના ફેસબુક, વેબસાઈટ અને ટ્વિટર અપડેટ માટે જોડાયેલા રહો. ઉલ્લેખનીય છે કે યુક્રેનમાં આશરે ૧૮ હજાર ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ મેડિકલનો અભ્યાસ કરવા ગયા છે.

આ પહેલાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ હેલ્પલાઈન નંબર જાહેર કર્યા હતા.


